દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬

# અમેરિકા અને કેનેડા વચ્ચે ફરીથી વેપાર યુદ્ધના મંડાણ

અમેરિકાના અને તેના ઉત્તરીય પાડોશી દેશ કેનેડા વચ્ચે ફરી એકવાર વેપાર યુદ્ધના મંડાણ થયા છે. આમ તો ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડા અને મેક્સિકોથી યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રવેશતા માલસામાન પર લગભગ સાર્વત્રિક ટેરિફ લાદવાના આદેશો પર હસ્તાક્ષર કર્યા પછી, કેનેડા અને મેક્સિકો સાથે અમેરિકાનું વેપાર યુદ્ધ શરૂ થઇ ગયું હતું. આ આદેશમાં મેક્સિકોથી થતી તમામ આયાત પર અને કેનેડાથી થતી તમામ આયાત પર ૨૫ ટકા ટેરિફ લાદવાનું આહ્વાન કરવામાં આવ્યું હતું, સિવાય કે તેલ અને ઉર્જા, જેના પર ૧૦ ટકા ટેક્સ લાગુ કરવામાં આવશે.તેના જવાબમાં, તત્કાલીન કેનેડિયન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ જણાવ્યું હતું કે કેનેડા ૨૦.૬ બિલિયન ડોલર ના અમેરિકન માલસામાન પર ૨૫ ટકા ટેરિફ સાથે વળતો પ્રહાર કરશે, જે ત્રણ અઠવાડિયા પછી વધીને ૧૦૬ અબજ ડોલર થઈ જશે. મેક્સિકોના પ્રમુખ ક્લાઉડિયા શેઇનબૌમે જણાવ્યું હતું કે મેક્સિકો પણ યુનાઇટેડ સ્ટેટ્સ સામે ટેરિફ અને બિન-ટેરિફ જવાબી પગલાં લાગુ કરશે. ૩ ફેબ્રુઆરીના રોજ, આ ટેરિફ અમલમાં આવવાના એક દિવસ પહેલા, બંને દેશોના નેતાઓએ ટેરિફમાં એક મહિનાના વિલંબ માટે વાટાઘાટો કરી હતી. યુ.એસ. ટેરિફ ૪ માર્ચથી અમલમાં આવ્યા; કેનેડાના જવાબી ટેરિફ પણ તે જ સમયે શરૂ થયા, જ્યારે મેક્સિકોએ જણાવ્યું કે તે વળતા પગલાં લેવા માટે રાહ જોશે. ૬ માર્ચે, ટ્રમ્પે યુનાઇટેડ સ્ટેટ્સ-મેક્સિકો-કેનેડા કરારનું પાલન કરતી વસ્તુઓને ટેરિફમાંથી મુક્તિ આપી. પાછળથી, અમેરિકાએ સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોટિવ આયાત પર સાર્વત્રિક ટેરિફ લાદ્યા, જેમાં મેક્સિકો અને કેનેડાની આયાત પણ સામેલ હતી. તે સમયે ટ્રમ્પે જણાવ્યું હતું કે આ ટેરિફનો હેતુ કેનેડા અને મેક્સિકો સાથેની અમેરિકાની વેપાર ખાદ્ય ઓછી કરવાનો, બંને દેશોને ગેરકાયદેસર ઇમિગ્રેશન અને ફેન્ટાનિલ કેફી દ્રવ્યના સ્મગલિંગ સામે બંને દેશો સાથેની તેમની સરહદો સુરક્ષિત કરવા માટે મજબૂર કરવાનો અને યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. જો કે USMCA મુક્તિને ઘણી વસ્તુઓ ટેરિફ મુક્ત રહી હતી.

જો કે વેપાર કરાર અંગેની કેટલીક બાબતો અંગેની અમેરિકા-કેનેડા મંત્રણા હાલમાં પડી ભાંગી અને શનિવારથી કેટલીક કેનેડિયન ચીજવસ્તુઓ પર 50% ના નવા યુ.એસ. ટેરિફ અમલમાં આવ્યા છે, જેના જવાબમાં કેનેડાએ પણ પોતાના કર લાદવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. તેણે ૮ સપ્ટેમ્બરથી અમેરિકા સામે વળતા પગલા શરૂ કરવાની જાહેરાત કરી છે. આના પછી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે તેઓ જાન્યુઆરીમાં કેનેડા-નિર્મિત કાર અને ઓટો પાર્ટ્સ પર ટેરિફ વધારશે, જેનાથી અમેરિકા અને કેનેડા વચ્ચેના ટ્રેડ વોરમાં ઓર વધારો થયો છે. ટ્રમ્પની તાજેતરની જાહેરાતમાં 1 જાન્યુઆરી, 2027થી કેનેડિયન કાર અને ઓટો પાર્ટ્સ પર ટેરિફ 25% થી વધારીને 50% બમણો કરવાનું વચન આપવામાં આવ્યું છે. પ્રમુખના જણાવ્યા અનુસાર, આ વધારેલો કર સ્ટીલ અને ટ્રક પર પણ લાગુ થશે. કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીએ પણ અમેરિકા સામે કડક વલણ અપનાવ્યું છે. ટ્રમ્પે સોમવારે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કહ્યું, વેપારમાં અને અન્ય રીતે પણ, તેઓ વ્યવહાર કરવા માટે વિશ્વના સૌથી ખરાબ દેશોમાંથી એક છે. તેઓ પોતાને હકદાર સમજે છે, પરંતુ, આપણે કેનેડાની જરૂર નથી, તેમને આપણી જરૂર છે! આ તીખી ટીકા કેનેડાના વડા પ્રધાન માર્ક કાર્નીએ વેપાર વાટાઘાટો અંગે યુ.એસ.ના અભિગમ વિશે આકરી ટિપ્પણી કર્યાના દિવસો પછી આવી છે. તેમણે કહ્યું કે અમેરિકન વાટાઘાટકારોએ કેનેડા માટે પ્રતિકૂળ માંગણીઓ કર્યા પછી વાટાઘાટો તૂટી પડી હતી. બંને દેશોના નેતાઓના ઉચ્ચારણ પરથી લાગે છે કે હવે આ યુદ્ધ નજીકના ભવિષ્યમાં નહીં શમે.

આમાં કેનેડાના ઓન્ટારિયો રાજ્યના વડા અમેરિકા સામેના વિરોધમાં સૌથી વાચાળ રહ્યા છે. તેઓ અગાઉ પણ ઉગ્ર નિવેદનો કરી ચુક્યા છે અને હાલમાં ફરી એકવાર તેમણે અમેરિકા સામે આકરો અભિગમ અપનાવ્યો છે. કેનેડાના ઓન્ટારિયો રાજ્યના પ્રીમિયર ડગ ફોર્ડે સોમવારે ધ એસોસિએટેડ પ્રેસ સાથેની એક મુલાકાતમાં જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિઓ જોઈને અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ રોનાલ્ડ રેગનને ઉલટી થઈ ગઇ હોત. આ સાથે જ તેમણે ચેતવણી આપી હતી કે જો કેનેડા-અમેરિકા વચ્ચે વધતો વેપાર વિવાદ વધુ વણસશે, તો તેઓ અમેરિકાને વીજળી અને મહત્વપૂર્ણ ખનિજોનો પુરવઠો બંધ કરી દેશે. ફોર્ડે જણાવ્યું હતું કે ટ્રમ્પે અમેરિકી દબાણ સામે ઝૂકવાને બદલે આર્થિક મુશ્કેલીઓ સહન કરવાની કેનેડિયનોની ઇચ્છાશક્તિનો ઓછો અંદાજ લગાવ્યો છે. ફોર્ડે નોંધ્યું હતું કે ટ્રમ્પ તેમના ટેબલ નજીક રેગનનું ચિત્ર રાખે છે. રેગન મુક્ત વેપારના મજબૂત હિમાયતી હતા અને તેમણે વારંવાર ચેતવણી આપી હતી કે સંરક્ષણવાદી ટેરિફ વળતા પ્રહારને આમંત્રણ આપી શકે છે તેમજ અમેરિકી ગ્રાહકો અને કામદારોને નુકસાન પહોંચાડી શકે છે. બંને દેશોના નેતાઓના અભિગમ જોતા કેનેડા-અમેરિકા વેપાર યુદ્ધ વધુ વણસવાની શક્યતા નકારી શકાય નહીં.

# પાંચ ટ્રિલિયન ઈકોનોમીની સંકલ્પના આત્મનિર્ભર ગામડાં સાકાર કરી શકશે

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

ગુજરાતનાં ગ્રામીણ ક્ષેત્રોમાં રોજગારીની શક્યતાઓ વિકસે, વ્યસનમુક્ત અને સાક્ષર લોકો સંગઠિત બની વિકાસકાર્યમાં સહભાગી થાય તથા સ્વાવલંબી સમાજનું સ્વપ્ન સાકાર થાય તે ભાવનાથી ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓની ઉપસ્થિતિમાં તાજેતરમાં બે કાર્યક્રમો યોજાઈ ગયા.

પ્રથમ કાર્યક્રમ કમિશનર ગ્રામવિકાસ અને ડાયરેક્ટર સ્ટાર્ટઅપ (દિલ્હી) દ્વારા યોજાયો. જેમાં તાલીમ અને ગ્રામ્ય વિસ્તારમાં વિકાસનાં કાર્યો કરતી સંસ્થાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનાં આયોજકોએ જણાવ્યું કે સ્કિલ ઈન્ડિયા મિશન હેઠળ ગત વર્ષમાં ૧૩ ટકા વધુ ખર્ચ કરાયો છે પરંતુ તાલીમનો પ્રત્યક્ષ ઉપયોગ કરનાર યુવકોનું પ્રમાણ ઘટ્યું છે.

ઉપરાંત ગ્રામીણ તાલીમાર્થીઓ માટે અપેક્ષા મુજબ રોજગારીની તકો ઉપલબ્ધ ન થતાં ગામડાંમાંથી તાલીમ પામેલાં યુવકોનું શહેર તરફ સ્થળાંતર વધ્યું છે. અહેવાલના પ્રતિભાવમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ જણાવ્યું કે ગ્રામીણ શિક્ષિત બેરોજગારીની સ્થિતિ પાછળ વિવિધ સ્તરે સરકારી તુમારશાહી જવાબદાર છે. કાર્યક્રમોમાં ઉપસ્થિત જિલ્લા સ્તરના અધિકારીઓએ પોતાના અનુભવોને ટાંકતાં જણાવ્યું કે પક્ષીય ભૂમિકામાંથી આવતી સંસ્થા અને એજન્ટો તાલીમ માટે ફાળવવામાં આવેલ ભંડોળને સમુદાય વિકાસના બદલે સંસ્થાગત વિકાસ માટે વધુ ખર્ચે છે, તેવું જોવા મળ્યું છે.

બીજો એક કાર્યક્રમ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનની ગ્રામીણ સંસ્થાઓની ઉપસ્થિતિમાં યોજાયો. જેમાં 'દેશની મૂળભૂત સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાયું નથી તેમ જ વિકાસનો સ્વીકૃત ઢાંચો તૈયાર કરી શકાયો નથી'' તે બાબતે ચિંતા વ્યક્ત કરતાં જણાવાયું કે ગ્લોબલ માર્કેટના નામે આર્થિક નીતિ અપનાવતા દેશનાં ૧૦% લોકોના હાથમાંથી રાષ્ટ્રનાં ૬૫ ટકા સાધનોનું સંચાલન જતું રહ્યું છે. પરિણામે શહેરોમાં પ્રદૂષણ, કરચોરી, ગુનાખોરી અને કોમી વિખવાદ જેવા પ્રશ્નો વ્યાપક બની રહ્યા છે. બીજી બાજુ ગામડાંઓમાં શોષણ, બેરોજગારી, ગરીબી અને સ્થળાંતર જેવા પ્રશ્નો વ્યાપક બનતા જાય છે.

પરિસંવાદમાં ગામડાંઓનાં સ્વાવલંબન માટેની કાર્યપદ્ધતિ અંગે વિચારાયું કે રાષ્ટ્રના વિકાસનો ઢાંચો વિકેન્દ્રિત ધોરણે તૈયાર કરવામાં આવે તથા ગામડાં પગભર બને તેવું આયોજન કરવામાં આવે. ગ્રામીણ ક્ષેત્રે પૈસાના સ્થાને શ્રમનું ઊંચું મૂલ્ય અંકાય તેમ જ વિકાસ યોજનાઓ રોજગારલક્ષી બને. વિકાસના કાર્યક્રમો ઉચ્ચ સ્તરેથી લાદવાના બદલે સ્થાનિક પર્યાવરણ કૃષિ તથા જરૂરિયાતને અનુરૂપ બને તેવી વાત સ્વીકારવામાં આવી. ગ્રામીણોને સંગઠિત કરી વિકાસનો વહીવટ સ્થાનિક પંચાયતી વ્યવસ્થા દ્વારા થાય તેમજ તમામ સ્તરે શિક્ષણના ભાગ રૂપે કૃષિ, પશુપાલન, સ્વચ્છતા, આરોગ્ય, મહિલાવિકાસ અને ગ્રામોદ્યોગને સમાવી લેવામાં આવે તે વાતે સર્વ સહમતી સધાઈ. ગામડાંઓના વિકાસ માટે મહિલાઓની સહભાગી વધારવા માટેના કાયક્રમો નક્કી કરવા વિચારાયું.

ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ તેમની કાર્યશક્તિ માટે જાણીતી છે. જે સંદર્ભમાં ઉપરોક્ત બંને બેઠકોની અપેક્ષાઓ બર આવે તો આપણાં ગામડાંઓ સ્માર્ટગ્રામ બને અને રાષ્ટ્રનિર્માણનાં મૂલ્યોનો જયજયકાર થાય. પરંતુ પ્રશ્ન છે કે આજે સમાજ બદલાયો છે. મૂલ્યો સમૂળગાં બદલાઈ ચૂક્યાં છે ત્યારે કલ્પનાનું સ્વર્ગ સંભવી શકે તેમ છે?

બીજી તરફ ગુજરાતનાં ગામડાંઓની સ્થિતિ જોઈએ તો ખેડૂતનો છોકરો બાપની મહેનતકશ ખેતી કરવા તૈયાર નથી. તેઓ આકાશી ખેતી કે બજારમાં ઊભેલા કમિશન એજન્ટો દ્વારા નફો-નુકસાન નક્કી થાય તેવી પરવશ સ્થિતિમાં રહી શાક-રોટલા અને છાશનાં હાંડલાં માટે જાત તોડી નાંખવા માગતાં નથી. બદલાતી પરિસ્થિતિ તો એ હદ સુધી પહોંચી છે કે ખેડા અને વડોદરા જિલ્લા જેવાં સિંચાઈના વિસ્તારોમાં ચાર-સાડા ચાર વીંઘામાં ખેતી કરનાર યુવકને કોઈ છોકરી આપવા તૈયાર નથી. લોધિકા જેવા રાજકોટ જિલ્લાનાં સૂકી ખેતીનાં ગામોમાં યુવકો માટે લગ્નપસંદગી મેળાવડા યોજાય છે. તે પહેલાં છોકરાઓ ઓળખાણ આગળ કરીને ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિઓમાં નોકરીઓ લઈ લે છે. કારણ કે મા-બાપ પોતાની દીકરીને ખેડૂમાં સોંપવા રાજી નથી. શહેરી જીવનની સુંવાળપે ગામડાંમાં પરિશ્રમી જીવનને હલકું પાડ્યું છે. આથી સુરતમાં હીરાનું કામ કરતા

**બદલાતી પરિસ્થિતિ તો એ હદ સુધી પહોંચી છે કે ખેડા અને વડોદરા જિલ્લા જેવાં સિંચાઈના વિસ્તારોમાં ચાર-સાડા ચાર વીંઘામાં ખેતી કરનાર યુવકને કોઈ છોકરી આપવા તૈયાર નથી**

યુવકો ચોમાસુ ખેતી માટે દેશમાં પૈસા મોકલી આપે છે પણ જાતે વતનમાં આવી ખેતી કરવા રાજી નથી.

આપેલા દસ્તાવેજ (ઇમેજ) લખાણનું વર્ડ ફોર્મેટ માટેનું ગુજરાતી ટ્રાન્સક્રિપ્શન નીચે મુજબ છે. તમે આ લખાણને કોપી કરીને વર્ડ ફાઇલમાં પેસ્ટ કરી શકો છોઃ

આમ, રંગમંચના એક તખ્તા ઉપર સરકારમાં સ્માર્ટસિટીના અધિકારીઓનું હિત પોષાતું જોવા મળે છે, તો બીજા તખ્તા ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓ, ગરીબોને આશાના છાંયડે બાંધી સંસ્થાકીય હિત સાધતાં દેખાય છે. બદલાતી સ્થિતિનો ચિતાર જોઈ શકનાર વેપારી પેઢીઓએ સાબુ અને ટૂથપેસ્ટથી માંડી મોબાઈલ, બિસ્કીટો અને પીણાંઓનાં વેચાણકેન્દ્રોને ગ્રામકેન્દ્રો સુધી લંબાવ્યાં છે. ૨૦૩૦માં ગામડું લક્ઝરી ગુડ્ઝનું બજાર બનશે તેવી બિઝનેસ ઇન્ડિયાની ભવિષ્યવાણી, જોતજોતામાં આકાર લઈ રહી છે અને આપણા સહુની નજર સમક્ષ ટી.વી. અને ઈન્ટરનેટમાં પ્રસિદ્ધ થતી જાહેરખબરો દ્વારા જોવાઈ રહ્યું છે. સ્વતંત્ર ભારતમાં નવરચના સમયે મળેલ સ્વાવલંબી સજીવ ગામનો વિચાર અયોગ્ય નહોતો. પણ આજે માહોલ બદલાઈ ચૂક્યો છે. મોર્ડન એજ તરફ ધસમસતી દુનિયાનાં ઘડતર અને ચણતરમાં હવે વ્યક્તિના સ્થાને બનાવોનું પદાર્પણ વધી રહ્યું છે. આર્થિક મૂલ્યના માપદંડ પ્રચલિત બન્યા છે. તે વેળાએ ભૂતકાળ તરફ પાછા ફરવાનું શક્ય નથી, જે તે સ્થિતિને નિખાલસતાથી સ્વીકારી લેવી પડશે. એટલું જ નહીં પણ મર્યાદિત જીવન જરૂરિયાતવાળાં સ્વાવલંબી ગામડાંઓમાં મુક્ત જીવનના પ્રયોગો છોડી ગામડાંઓ વધુ સ્વાવલંબી અને શિક્ષિત બને તે પ્રકારે સ્વયંસંચાલિત કાર્યપ્રણાલીઓ ગોઠવવી પડશે.

સમૂહ સંચાર માધ્યમોના કારણે લોકોનું પસંદગી ક્ષેત્ર વ્યાપક બન્યું છે અને ગામડાંઓમાં પણ આર્થિક હેતુની સમાનતા ધરાવતાં જૂથો સંગઠિત થતાં જાય છે. આ તબક્કે સ્વૈચ્છિક સંસ્થાઓને ગામડાંઓમાં ઉત્પન્ન થતી ચીજવસ્તુઓનાં ઉત્પાદન અને વેચાણનાં કામમાં મદદરૂપ થવું જરૂરી બને છે. ગામડાંઓમાં રહેતા યુવકને વધુ આર્થિક લાભ અંગેની વહીવટી અને તકનિકી તાલીમ મળે તેવા પ્રયત્નો કરવા પડશે. પરિવર્તનના વળાંકે સરકારે પોતાના સકંજામાં જકડી રાખેલ માળખાગત વિકાસ, વાહનવ્યવહાર, સંચારસેવા, વીજળી અને પાણી જેવી વ્યવસ્થાઓનાં સ્થાયી તંત્રોને ક્રમશઃ પ્રજાના હાથમાં સોંપી લોકોને વધુ સારા જીવન માટે ઉત્સાહિત કરવાં ઘટે છે.રાજકીય પક્ષો માટે લોકરંજનના સ્થાને આમપ્રજાને વિકાસના કાર્યક્રમોના અમલમાં ભાગીદાર બનવાનો સમય પાકી ગયો છે ત્યારે ગામડાંને સ્માર્ટ સિટી નહીં પણ જાગૃત ગ્રામ તરીકે ઘડવાની જરૂર છે..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## મમ્મીના ન મોકલેલા પત્રો

અનુરાધા પોતાની માતાના અવસાન પછી તેમનું જૂનું ઘર ગોઠવી રહી હતી.ઘરના ખૂણા ખૂણામાં માતા પિતાની યાદો હતી.

મમ્મીના કબાટમાં એકદમ નીચેના ખાનામાં એક જૂનું લાકડાનું બોક્સ મળ્યું. તે બોક્સમાં માતાની કોઈક યાદો હશે એમ વિચારીને તેણે બોક્સ ખોલ્યું. બોક્સમાં એક નહિ અનેક વર્ષો જૂના પીળા પડેલા કાગળો મળ્યા.દરેક કાગળ પર કૈંક લખેલું હતું અને બોક્સની અંદરની બાજુએ લખ્યું હતું કે મારા લખેલા પત્રો જે મોકલવાના નથી.

તે લાગણીવશ અને જિજ્ઞાસા સાથે એક પછી એક પત્ર વાંચવા લાગી.પહેલો પત્ર અનુરાધના પિતાને સંબોધીને લખાયેલો હતો. તેમાં લખ્યું હતુંઃ

'પ્રિય રમેશ,

આજે ફરી તું મોડો આવ્યો. હું ગુસ્સે છું.પણ મારા ગુસ્સા પાછળનો સાચો ભાવ એ છે કે હું તને યાદ કરું છું.તું ઘરે ઓછો રહે છે અને હું એકલી પડી જાઉં છું.....' આવા એક નહિ અનેક પત્રો હતા જેમાં માતાએ શબ્દો દ્વારા પતિને મનની વાત કહી હતી, પત્રમાં ગુસ્સો વ્યક્ત કરીને મનમાંથી કાઢી નાખ્યો હતો.

અનુરાધા એક પછી એક પત્રો વાંચતી ગઈ અને આશ્ચર્યચકિત થઈ ગઈ. તેના માતા-પિતા તો બહારથી ખૂબ ખુશ લાગતાં.પણ આ પત્રોમાં વર્ષોનું દુઃખ, ગુસ્સો, એકલતા અને પ્રેમ હતો.છેલ્લા એક પત્રમાં લખેલું હતું:'હવે હું તારા પર ગુસ્સે નથી. મેં સમજ્યું કે તું પણ જીવનની લડાઈ લડી રહ્યો હતો.'

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

માતાએ બીજા પત્રો પોતાના ભાઈ બહેનને અને બહેનપણીઓને પણ લખ્યા હતા...જેમાં મનની વ્યથા ઠાલવી દઈને સંબંધ જાળવી લીધા હતા.

અનુરાધાના આશ્ચર્ય વચ્ચે એક પત્ર તેની માતાએ તેને પણ લખ્યો હતો....

પ્રિય દીકરી,

આજે તારો અવાજ સાંભળવાનું મન હતું. તારી સાથે કેટલી બધી વાતો કરવી હતી. તને કેટલા ફોન કર્યા પણ તેં ફોન જ ન ઉપાડ્યો અને બીજે દિવસે ફોન ઉપાડ્યો તો મૂકી દીધો કે બહુ કામમાં છું. પછી વાત કરીશ.

આ પત્ર વાંચી અનુરાધા ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.મમ્મીના ફોટાને હાથમાં લઈને માફી માંગવા લાગી અને પછી તેણે એક પત્ર મમ્મીને લખ્યો

પ્રિય મમ્મી,

અમે બધાએ ઘણી ભૂલો કરી, તને દુભવી અને તને ગુસ્સો પણ આવ્યો પણ તે ગુસ્સો સંબંધમાં શબ્દો દ્વારા નહીં, પણ કાગળમાં ઊતાર્યો.એટલે સંબંધો મધુરા જ રહ્યા.'

મમ્મીના ન મોકલેલા પત્રો વાંચી અનુરાધાને સમજાયું કે ઘણા સંબંધો તૂટે છે કારણ કે લોકો લખતાં નથી, ફક્ત બોલતાં રહે છે.

# ખાંડના ભાવમાં અચાનક વધારો શા માટે થયો?

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

રિટેલ અને હોલસેલ ખાંડના ભાવમાં લગભગ 40%નો વધારો થયો છે. કેટલાક રાજ્યોમાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ભાવ 50% સુધી વધી ગયા છે. ઉત્તરાખંડ, પંજાબ, મધ્ય પ્રદેશ અને ઓડિશા જેવાં આઠ રાજ્યોમાં એક કિલોગ્રામ ખાંડનો ભાવ 65થી વધુ થઈ ગયો છે. 23 ઓગસ્ટના રોજ ઓડિશામાં સૌથી વધુ ભાવ 67.4 પ્રતિ કિલો નોંધાયો હતો, જે એક અઠવાડિયા પહેલા 55, એક મહિના પહેલા 50.78 અને 23 ઓગસ્ટ, 2025ના રોજ 46.89 હતો. વિપક્ષે દૈનિક જરૂરિયાતની આ વસ્તુના ભાવમાં તીવ્ર વધારા માટે ઇથેનોલ બનાવવા માટે શેરડીના ઉપયોગને જવાબદાર ઠેરવ્યું છે. ખેડૂત સંગઠનોએ દલીલ કરી છે કે, મોટા વેપારીઓ તહેવારોની મોસમ પહેલા કૃત્રિમ રીતે ભાવ વધારી રહ્યા છે. સરકારે તેના જવાબમાં કહ્યું કે, ભાવવધારા માટે વિવિધ પરિબળોનું સંયોજન જવાબદાર છે. આ પરિબળોમાં અપેક્ષા કરતાં ઓછું સ્થાનિક ઉત્પાદન, તહેવારોની મોસમ પહેલાં વધેલી માંગ, હવામાન સંબંધિત શેરડીના પાકને નુકસાન, વૈશ્વિક સ્તરે ખાંડના પુરવઠામાં ઘટાડો અને ઉદ્યોગના કેટલાક વર્ગો દ્વારા સટ્ટાખોરી અને સંગ્રહખોરીનો સમાવેશ થાય છે. તેથી, કેન્દ્રીય વાણિજ્ય મંત્રાલયે 31 ઓક્ટોબર, 2026 સુધી 10 લાખ મેટ્રિક ટન (એલએમટી) ખાંડની આયાત કરવાની મંજૂરી આપતું નોટિફિકેશન બહાર પાડ્યું છે.

શું ઇથેનોલે ભૂમિકા ભજવી? સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ 20 ટકા પેટ્રોલ બ્લેન્ડિંગ (મિશ્રણ) ના લક્ષ્યને પહોંચી વળવા માટે ઇથેનોલ ઉત્પાદન તરફ ખાંડના ડાયવર્ઝનને જવાબદાર ઠેરવ્યું છે. જોકે, આંકડા દર્શાવે છે કે ખાંડના ઉત્પાદનમાં ઉતાર-ચઢાવ છતાં ઇથેનોલ ઉત્પાદન માટે ખાંડની ફાળવણી મોટા ભાગે સ્થિર રહી છે. ભારતના ખાંડ ઉદ્યોગે શેરડી અને શેરડીના રસને ઇથેનોલ ઉત્પાદન તરફ વધુ ને વધુ વાળ્યો છે. કારણ કે, સરકારે પેટ્રોલમાં ઇથેનોલ મિશ્રણને પ્રોત્સાહન આપ્યું છે. કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે, વર્તમાન સીઝન દરમિયાન, કેટલીક શેરડી અને તેના બાય-પ્રોડક્ટ્સનો ઉપયોગ ખાંડના બદલે ઇથેનોલ માટે કરવામાં આવ્યો હતો. સરકારનું કહેવું છે કે, ઇથેનોલ માટે ખાંડનું સીધું ડાયવર્ઝન ઘટીને 9% (12%થી નીચે) થઈ ગયું છે

**ઉત્પાદનમાં ઘટાડો અને ઇથેનોલ ડાયવર્ઝનઃ ખાંડ મોંઘી થવાનાં વાસ્તવિક કારણો**

અને હવે ત્રણ-ચતુર્થાંશ ઇથેનોલ મકાઈ જેવા અનાજમાંથી આવે છે. જેમ-જેમ ખાંડની ઉપલબ્ધતા ઓછી થતી ગઈ, તેમ-તેમ ઇથેનોલ ઉત્પાદન મકાઈ અને ક્ષતિગ્રસ્ત અથવા વધારાના અનાજ જેવા અન્ય ફીડસ્ટોક તરફ ટ્રાન્સફર થયું.

તંગી આટલી મોડી શા માટે દેખાઈ? મુખ્ય મુદ્દો શેરડીના ઉત્પાદન અને વાસ્તવિક ખાંડની ઉપલબ્ધતા વચ્ચેનો તફાવત છે. સીઝનની શરૂઆતમાં ઉત્પાદનનું ચિત્ર ઠીક જણાતું હતું. પરંતુ જેમ-જેમ પિલાણની સીઝન આગળ વધી, તેમ-તેમ ઓછી રિકવરી રેટ અને પાકના રોગે મિલો દ્વારા ઉત્પાદિત ખાંડના જથ્થામાં ઘટાડો કર્યો. તે જ સમયે, ખાંડની નિકાસ થઈ રહી હતી અને શેરડીના ફીડસ્ટોકનો એક ભાગ ઇથેનોલ તરફ વાળવામાં આવી રહ્યો હતો. ઉત્પાદન ઘટી ગયાનું સ્પષ્ટ થાય ત્યાં સુધીમાં તો સરકારે ખાંડનો મોટો જથ્થો દેશની બહાર મોકલવાની મંજૂરી આપી દીધી હતી. એક અહેવાલ અંદાજ લગાવે છે કે, વાસ્તવિક ખાંડનું ઉત્પાદન અગાઉના અંદાજિત 343 એલએમટીની સરખામણીએ લગભગ 300 લાખ મેટ્રિક ટનની આસપાસ રહી શકે છે - લગભગ 37 લાખ ટનનો તફાવત. જેમ-જેમ પિલાણની સીઝન પૂરી થઈ તેમ-તેમ આ તફાવત ખાસ કરીને મહત્ત્વપૂર્ણ બની ગયો કારણ કે આ ખાધને તુરંત પૂરી કરવા માટે કોઈ નવું સ્થાનિક ઉત્પાદન થઈ શકે તેમ નહોતું. તેથી ભારતનું ખાંડ બજાર એક અસામાન્ય પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. જે દેશ પરંપરાગત રીતે વિશ્વના અગ્રણી ખાંડ ઉત્પાદકો અને નિકાસકારોમાં રહ્યો છે તે હવે સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કાચી ખાંડની આયાત કરી રહ્યો છે! સરકારે તહેવારોની મોસમમાં ભાવ પરનું દબાણ ગ્રાહકો માટે મુખ્ય ચિંતાનો વિષય બને તે પહેલાં જ 10 લાખ ટન કાચી ખાંડ ડ્યુટી-ફ્રી લાવવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે, જ્યારે નિકાસ પર નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. આ ઘટનાક્રમ હેડલાઇન કૃષિ ઉત્પાદનના આંકડાઓથી આગળ જોવાના મહત્ત્વને પણ પ્રકાશિત કરે છે. ખાંડ જેવી વસ્તુઓ માટે અંતિમ ઉપલબ્ધતા ઘણા બદલાતા પરિબળો પર આધાર રાખે છે - પાકની ગુણવત્તા, ખાંડની રિકવરી, સ્થાનિક વપરાશ, ઇથેનોલ ડાયવર્ઝન, નિકાસ, સ્ટોક અને આયાત. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના આંકડા દર્શાવે છે કે, ઉત્તર પ્રદેશના ઓછામાં ઓછા 35 જિલ્લાઓમાં ઓછો વરસાદ થયો છે, જેમાં ઘણા ટોચના શેરડી ઉત્પાદક જિલ્લાઓનો સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશ સૌથી મોટો શેરડી ઉત્પાદક દેશ છે. મહારાષ્ટ્રના સોલાપુર, લાતુર, નંદુરબાર, બીડ, પરભણી અને અહમદનગર જેવા અગ્રણી શેરડી ઉત્પાદક જિલ્લાઓમાં 21 ઓગસ્ટ સુધી ઓછો વરસાદ થયો છે. આ રાજ્ય ભારતનું બીજા ક્રમનું સૌથી મોટું શેરડી ઉત્પાદક રાજ્ય છે. ત્રીજા ક્રમનું સૌથી મોટું શેરડી ઉત્પાદક રાજ્ય કર્ણાટક છે, જ્યાં આ વર્ષે સામાન્ય કરતાં 22 ટકા ઓછો વરસાદ થયો છે. આંકડા દર્શાવે છે કે, બજારની વિક્ષેપતાથી સ્થાનિક ગ્રાહકોનું રક્ષણ કરવા માટે જરૂરી ખાંડનો સ્ટોક છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઘટ્યો છે. ઓક્ટોબરમાં આગામી પિલાણ સીઝન શરૂ થાય તે પહેલાં સ્ટોક છેલ્લાં પાંચ વર્ષમાં તેના સૌથી નીચલા સ્તરે પહોંચી શકે છે. વર્તમાન ઘટના દર્શાવે છે કે, જ્યારે આમાંનાં કેટલાંક પરિબળો એક જ દિશામાં આગળ વધે છે ત્યારે ઉત્પાદનનું સુંદર દેખાતું ચિત્ર કેટલી ઝડપથી બદલાઈ શકે છે. દુષ્કાળ અથવા અપર્યાપ્ત વરસાદના સમયગાળા દરમિયાન, જ્યારે શેરડીની ઉપજ ઘટે છે, ત્યારે સ્થાનિક વપરાશ માટે પૂરતી ખાંડ ઉત્પન્ન કરવા પર વધુ ભાર મૂકીને ઇથેનોલ ઉત્પાદનને તાત્કાલિક નિયંત્રિત કરવું જોઈએ. જો સરકાર અગાઉથી આવા સાવચેતીનાં પગલાંનું આયોજન કરે અને તેને અમલમાં મૂકે તો દેશ ખાંડની અછતને ટાળી શકે છે અને ગ્રાહકોને વધતા ભાવની અસરોથી બચાવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## મંદિરમાં પ્રવેશનું વેપારીકરણ

દેશનાં તમામ રાજ્યોમાં આવેલા તમામ શહેરોમાં આવેલા પ્રતિષ્ઠીત કે મોટા નાના મંદિરો માં ભક્તિભાવ-સેવા ઓછી જોવા મળે છે અને વ્યાપારીકરણ ચરમસીમા એ પંહોચી ગયું છે.

ઉદાહરણ સ્વરૂપે જોઈએ તો મંદિર ના પુજારી પાસે પ્રસાદ માંગો તો જણાવશે કે રૂા. 51/- કે ૧૦૧/-ની રસીદ બનાવો અને પ્રસાદ મેળવો.

વરિષ્ઠ નાગરિકો કે શારીરિક તકલીફવાળા ભક્તોઓ ભગવાનના દર્શન માટે વી.આઈ.પી લાઇનને વિશેષ ચાર્જ ચૂકવવો પડે છે જે ફરજિયાત છે.

મંદિરમાં આવતા ભક્તજનો એ મંદિરની બહાર આવેલા બૂટ-ચપ્પલના સ્ટેન્ડવાળાને દશરૂપિયા ચૂકવવા પડે છે. બૂટ-ચપ્પલ મૂકવા માટે જે સ્ટેન્ડવાળાઓ તથા અને ફૂલવાળાઓ પરોક્ષ રીતે મંદિરના સત્તાધીશો સાથે સંકળાયેલા હોય છે. આજે મંદિરોના ટ્રસ્ટીઓ બંગલાગાડીવાળા થઈ ગયા છે હવે ભક્તજનો એ જાગૃત થવાનો સમય આવી